# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-08-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી  વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને તેમના નિર્ણયોના કેન્દ્રમાં રાષ્ટ્રીય હિત રાખવા અનુરોધ કર્યો
2. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે શહેરી સહકારી બેન્કો માટે મજબૂત સાયબર અને ડિજિટલ સુરક્ષા ઉપાયોની જરૂરિયાત પર ભાર મૂક્યો.
3. સરકારે સ્પષ્ટતા કરી છે કે ગ્રાહકો માટે યુપીઆઈ નિઃશુલ્ક રહેશે અને તમામ વ્યક્તિ-થી-વ્યક્તિ ટ્રાન્ઝેક્શનમાં કોઈ ચાર્જ લાગુ નહીં પડે
4. જાહેર ક્ષેત્રની ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ઈ-20 પેટ્રોલમાં વધુ ક્લોરાઇડ અને ભેજ મળવાના દાવાઓને ફગાવ્યા
5. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને,સ્પષ્ટ કર્યું છે કે ઈરાનને આત્મસમર્પણ કરવા માટે મજબૂર કરી શકાશે નહીં.

*******************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# DELHI IIT-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી –IIT દિલ્હીના વિદ્યાર્થીઓને તેમના નિર્ણયોના કેન્દ્રમાં રાષ્ટ્રીય હિત રાખવા અને તેમના કાર્યો દ્વારા દેશને કઈ રીતે લાભ આપી શકાય તે માટે વિચારવા જણાવ્યું હતું.

IIT દિલ્હીના 57મા દીક્ષાંત સમારોહને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દરેક પેઢી તેના સમયના ચોક્કસ પડકારોનો સામનો કરે છે અને પોતાની રાષ્ટ્રીય જવાબદારી નિભાવે છે. તેમણે જણાવ્યું કે, સ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા આગામી 30થી 35 વર્ષોમાં થનારાં કાર્યની દેશનાં વિક્સિત ભારતની યાત્રા પર મહત્વપૂર્ણ અસર પડશે.

**(BYTE PM MODI ON VIKSIT BHARAT)**

*("आज के इस दौर में हमारे सामने चुनौतियां भी अलग है और इसलिए हमारे दायित्व भी अलग हैं। अपने जीवन के अगले 30-35 साल में आप जो कुछ भी करेंगे, वो विकसित भारत की हमारी यात्रा को प्रभावित करेगा।")*

પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશમાં નવા ક્ષેત્રો ઉભરી રહ્યા છે, જે યુવાનો માટે નવી તકો પ્રદાન કરે છે. તેમણે સેમિકન્ડક્ટર, અવકાશ અને ડ્રોન જેવા ક્ષેત્રોનો ઉલ્લેખ કરીને કહ્યું કે ભારત તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવા તરફ કામ કરી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે આત્મનિર્ભરતા તરફની આ ઝુંબેશ વિકસિત ભારતના નિર્માણ માટે એક મજબૂત પાયા તરીકે કાર્ય કરશે.

**(BYTE PM MODI ON SELF RELIANCE)**

*("आज भारत इकोनॉमिक सेल्फ-रिलायंस, टेक्नोलॉजिकल सेल्फ-रिलायंस, इंडस्ट्रियल सेल्फ-रिलायंस ऐसे हर सेक्टर में आत्मनिर्भर बनने के लिए काम कर रहा है। यही विकसित भारत की मजबूत नींव का सबूत है। इस मजबूत नींव पर आपको एक भव्य सुंदर विकसित भारत का निर्माण करना है।")*

આ કાર્યક્રમમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી, IIT દિલ્હીના બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ હરીશ સાલ્વે અને IIT દિલ્હીના ડિરેક્ટર પ્રોફેસર રંગન બેનર્જી પણ  હાજર રહ્યા હતા.

# REVISE AMIT SHAH-MUMBAI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શહેરી સહકારી બેન્કો માટે મજબૂત સાયબર સુરક્ષા અને ડિજિટલ સુરક્ષા ઉપાયોની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આજે મુંબઈ ખાતે 'સહકાર નવ-ક્રાંતિ' કાર્યક્રમને સંબોધિત કરતા શ્રી શાહે જણાવ્યું કે, ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં છેતરપિંડીનાં કિસ્સાઓ વધી રહ્યા છે. તેમણે બેંકિંગ ક્ષેત્રની સલામતી સુનિશ્ચિત કરવા માટે મજબૂત ફોરેન્સિક ટેકાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો તેમજ સાયબર અને નાણાકીય ગુનાઓ સામે લડવામાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી- NFSU સાથેના સહયોગના મહત્વ વિશે વાત કરી હતી.

ગૃહ મંત્રીએ 'સિક્યોરિટી ઓપરેશન્સ સેન્ટર' (SOC) નો પણ પ્રારંભ કર્યો હતો. શ્રી શાહે ફોર્ટ વિસ્તારમાં નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં નવા કાર્યાલય પરિસરનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે સહકારી બેંકો માત્ર નફો કમાવવા માટે નથી, પરંતુ લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે છે. તેમણે ઉમેર્યું હતું કે છત્ર સંસ્થાનું મુખ્યાલય ટૂંક સમયમાં દિલ્હીથી મહારાષ્ટ્ર ખસેડવામાં આવશે, કારણ કે મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા અને કર્ણાટક મળીને દેશની ૭૦ ટકા શહેરી સહકારી બેંકો ધરાવે છે.

# INDIA 300 GW ELECTRICITY

ભારતે તેની સ્વચ્છ ઊર્જા ક્ષેત્રની સફરમાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાસિલ કરી છે, જેમાં દેશની બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા 300 ગિગાવોટને પાર થઈ ગઈ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, છેલ્લા 12 વર્ષમાં ભારતની અક્ષય ઊર્જા ક્ષમતામાં 400 ટકાનો વધારો થયો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, 300 ગિગાવોટની સ્થાપિત ક્ષમતા દર્શાવે છે કે ભારતનો સ્વચ્છ ઊર્જા તરફનો બદલાવ વૈશ્વિક સ્તરે નવા માપદંડ સ્થાપિત કરી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર વધુ સ્વચ્છ, હરિયાળું અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરી રહી છે.

# UPI CHARGES

સરકારે સ્પષ્ટતા કરી છે કે ગ્રાહકો માટે યુપીઆઈ નિ:શુલ્ક રહેશે અને તમામ વ્યક્તિ-થી-વ્યક્તિ ટ્રાન્ઝેક્શન કોઈ ચાર્જ લાગુ નહીં પડે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, યુપીઆઈ દ્વારા ચૂકવણી કરતી વખતે ગ્રાહકોએ કોઈ ટ્રાન્ઝેક્શન ચાર્જ ચૂકવવો પડશે નહીં, જ્યારે મોટાભાગના વેપારી ટ્રાન્ઝેક્શન્સ પણ મફત જ રહેશે. મંત્રાલયે ઉમેર્યું કે, જો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ ચાર્જ દાખલ કરવામાં આવશે, તો પણ તે માત્ર નિશ્ચિત મર્યાદાથી વધુના અમુક મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન્સ પર જ નજીવા દરે લાગુ કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# EVE. BRICS-BHOPAL

ભારતના અધ્યક્ષપદ હેઠળ આજે ભોપાલ ખાતે બ્રિક્સ દેશોનાં સંસ્કૃતિ મંત્રીઓની ૧૧મી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બ્રિક્સ સભ્ય દેશો અને ભાગીદાર દેશો વચ્ચે સાંસ્કૃતિક સહયોગ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી 'ભોપાલ ઘોષણાપત્ર' સ્વીકારવામાં આવ્યું હતું. બેઠકમાં 10 બ્રિક્સ સભ્ય દેશો અને ચાર ભાગીદાર દેશો સહિત કુલ 14 દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે, ભોપાલ ઘોષણાપત્રએ સાંસ્કૃતિક સહયોગ માટે એક વ્યવહારુ અને ભવિષ્યલક્ષી માળખું પૂરું પાડ્યું છે. તેમણે ભાવિ પેઢીઓ માટે પરંપરાગત જ્ઞાન, ભાષાઓ, લોકસંગીત અને સાંસ્કૃતિક પરંપરાઓને બચાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ

**(BYTE - VIPIN--BRICS-BHOPAL)**

*("भोपाल में **5** अगस्त से चल रहे ब्रिक्स कल्चरल ट्रैक **2026** के तहत आज ब्रिक्स संस्कृति मंत्रियों की बैठक हो रही है। केंद्रीय संस्कृति एवं पर्यटन मंत्री गजेंद्र सिंह शेखावत की मौजूदगी में हो रही इस बैठक में दक्षिण अफ्रीका, संयुक्त अरब अमीरात और इंडोनेशिया के संस्कृति मंत्री भी शामिल हैं। बैठक में ब्रिक्स संस्कृति मंत्रियों की घोषणा जिसे भोपाल डिक्लेरेशन के नाम से जाना जाएगा, साथ ही सांची कल्चर कनेक्ट पर भी चर्चा होगी। बैठक के बाद मंत्री और प्रतिनिधि सांची के विश्व धरोहर स्थल का भ्रमण करेंगे। आकाशवाणी समाचार के लिए भोपाल से विपिन मिश्रा।"*

# OMC E 20

જાહેર ક્ષેત્રની ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ઈ-20 પેટ્રોલમાં વધુ ક્લોરાઇડ અને ભેજ મળવાના દાવાઓને ફગાવી દીધા છે. કંપનીઓનું કહેવું છે કે, દેશભરમાં કરવામાં આવેલી તપાસમાં આવા આરોપો સાચા સાબિત થયા નથી. ઓઇલ કંપનીઓની તપાસમાં 500 પીપીએમ ક્લોરાઇડ અને ભેજ હોવાના દાવાની પુષ્ટિ થઈ નથી.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું કે ઓઇલ કંપનીઓનું કહેવું છે કે, દેશભરમાં કરવામાં આવેલી મોટા પાયાની તપાસમાં આવા કોઈ દાવાની પુષ્ટિ થઈ નથી. ઓએમસીએ સ્પષ્ટ કહ્યું કે -ઈ20 પેટ્રોલની ગુણવત્તા નિર્ધારિત ધોરણો અનુસાર છે અને લોકોને ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

મંત્રાલયનાં કહેવા મુજબ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ-બીપીસીએલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ - એચપીસીએલએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, સમગ્ર પુરવઠા શૃંખલામાં કરવામાં આવેલી આ તપાસથી એ પુષ્ટિ થઈ કે ઇંધણની ગુણવત્તા સતત નિર્ધારિત ધોરણોની અંદર રહી છે.

# IRAN - US- MoU

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને દેશના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે મુત્સદ્દીગીરી પ્રત્યે ઈરાનની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે અને ,સ્પષ્ટ કર્યું છે કે ઈરાનને આત્મસમર્પણ કરવા માટે મજબૂર કરી શકાશે નહીં.

પોતાની સત્તાવાર વેબસાઇટ પર પ્રકાશિત એક મુલાકાતમાં, શ્રી પેઝેશ્કિયને અમિરકા સાથે વાટાઘાટો કરવાના અને યુદ્ધનો અંત લાવવાના હેતુથી સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કરવાના તેમની સરકારના નિર્ણયનો બચાવ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, વૉશિંગ્ટન આ કરાર હેઠળની તેની જવાબદારીઓ પૂર્ણ કરશે ત્યાં સુધી ઈરાન પણ પોતાની પ્રતિબદ્ધતાઓનું પાલન કરશે. તેમણે ઉમેર્યું હતું કે જો અમેરિકા તેની પ્રતિબદ્ધતાઓ પૂરી કરવામાં નિષ્ફળ જશે તો ઈરાન આગળ આ પ્રક્રિયા ચાલુ રાખવા માટે બંધાયેલું રહેશે નહીં.

ચાલુ વર્ષના જૂન મહિનામાં હસ્તાક્ષર કરાયેલા આ સમજૂતી પત્ર માં બંને દેશોને વાટાઘાટો કરવા અને કાયમી શાંતિ કરાર તરફ કામ કરવા માટે 60 દિવસનો સમયગાળો આપવામાં આવ્યો હતો.

# CJI-JUSTICE

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે ભારપૂર્વક જણાવ્યું છે કે, નાગરિકો ન્યાય પ્રણાલી સુધી પહોંચે તેની અપેક્ષા રાખવાને બદલે ન્યાય પોતે નાગરિકો સુધી પહોંચવો જોઈએ. તેઓ આજે ઇન્દોરમાં નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટીના વેસ્ટ ઝોન પ્રાદેશિક સંમેલનના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરી રહ્યા હતા.

મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે, ન્યાય સુધીની અર્થપૂર્ણ પહોંચ માટે કાનૂની સંસ્થાઓએ એવા લોકો સુધી પહોંચવું જરૂરી છે જેઓ તેમના સુધી પહોંચવામાં અસમર્થ છે. તેમણે નોંધ્યું હતું કે, પરિષદના ત્રણ સ્તંભો - સંવાદ, ગરિમા અને સમાવેશ સમાન ન્યાયના બંધારણીય વચનને વ્યાવહારિક અર્થ આપે છે.